# અધ્યાપક સહાયકની ભરતીમાં યુજીસી એક્ટ-૨૦૧૮નો સરેઆમ ભંગ..!!

**લઘુત્તમ લાયકાત ધરાવતા ના હોય તેવા ઉમેદવારોના અનુભવને ધ્યાનમાં લેવાની જાહેરાત કરીને સરકારે જાહેરનામાનો ભંગ કર્યો છે : ઉમેદવારો ઉપરાંત સિનિયર અધ્યાપકોમાં આક્રોશ સાથે હાઈકોર્ટ જવાની તૈયારીના એંધાણ**

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યની ગ્રાન્ટ ઈન એડ કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતીમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૨૦૧૮નો છડેચોક ભંગ થઈ રહ્યો હોવાની તથા ભરતી પ્રક્રિયાના જાહેરનામામાં અનુભવ ગુણાંકનું ખોટી રીતે મુલ્યાંકન થઈ રહ્યું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સરકારે ભરતી પ્રક્રિયાના જાહેરનામામાં યુજીસી એક્ટ-૨૦૧૮ મુજબ પ્રક્રિયા હાથ ધરવાનું નિયત કર્યુ હોવા છતાં પોતાના મળતીયા ઉમેદવારોને ફાયદો કરવાના ઉદેશથી ઓછામાં ઓછી લાયકાતના કિસ્સામાં અધ્યાપકનો અનુભવને માન્ય રાખીને એક્ટનો સરેઆમ ભંગ કર્યો હોવાના આક્ષેપ થઈ રહ્યો છે તેમજ આ મુદ્દે સિનિયર અધ્યાપકોમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે અને તેમણે હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી દર્શાવી છે.

યુજીસી એક્ટ-૨૦૧૮ અનુસાર જો ઉમેદવાર લઘુત્તમ લાયકાત જે નિયત કરાઈ છે તે અનુસાર એમએસસીમાં ૫૫ ટકા પરિણામ અને નેટ, સ્લેટ અથવા પીએચડી ધરાવતા હોવા જરૂરી છે. જો ઉમેદવાર આ લાયકાત ધરાવતો ના હોય તો તેના પહેલાની નોકરીના અનુભવને ધ્યાનમાં લેવામાં આવતો નથી જે યુજીસી એક્ટની સેક્સન ૧૦(એ) અને સી-પોઈન્ટ, સેક્સન એફ (આઈ) તેમજ સેક્સન ૩-૧૧ નોટિફિકેશન નં. ડીડી નં. એફ-૧૭૦૮-૨૦૧૩ (પીએસ) વગેરેનું તારણ નીકળે છે. આમ છતાં સરકારે અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયામાં લઘુત્તમ લાયકાત ધરાવતા ના હોય તેવા ઉમેદવારોના અનુભવને માન્ય રાખવાની પેરવી કરી જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ કરવા સાથે પોતાના મળતીયા ઉમેદવારોને ફાયદો કરાવવાનો કારસો ગોઠવ્યો હોવાનુ ઉમેદવારો માની રહ્યાં છે.

# ધોળાકુવાના દંતાણી વાસ સુધી પીવાના પાણીની મુખ્ય લાઈન પહોંચાડવી જરૂરી

**દૂષિત પાણીથી ઝાડા-ઉલ્ટીના કેસો થવાની સમસ્યા વચ્ચે ભાજપના ઉમેદવારે સ્થળ મુલાકાત બાદ રજુ કરેલુ તારણ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ધોળાકુવા ખાતે દૂષિત પાણીની સમસ્યાએ માથુ ઉંચક્યુ છે જેના કારણે રોગચાળો ફેલાવાનો ખતરો પેદા થવા પામ્યો છે. જેને અનુલક્ષીને ગઈકાલે જિલ્લા કલેક્ટરે મ્યુ. કમિશનર સાથે સ્થળ પર મુલાકાત લઈ મેન હોલની સફાઈ કાર્ય શરૂ કરાવ્યુ હતુ. આજે વોર્ડ નં. ૪ ના ભાજપના સ્થાનિક ઉમેદવાર ભરત દિક્ષિતે પણ સ્થળ પર મુલાકાત લઈ સમસ્યાને સમજવા પ્રયાસ કર્યો હતો જે અનુસાર તેમણે જે તારણો રજુ કર્યા છે તેમાં આ સમસ્યા સર્જાવા પાછળ સંમ્પનું ભુગર્ભ ગટર સાથે જોડાણ ના હોવાથી ગટરનું પાણી ઉભરાઈને બેક મારી રહ્યુ હોવાનું અને સમ્પને વીજ જોડાણ હજુ તાજેતરમાં જ ઉપલબ્ધ થયુ હતુ પરંતુ નાગરિકોએ ગટરનો ઉપયોગ શરૂ કરી દીધો હતો જેથી ગટર ભૂગર્ભ ગટર સાથે સમ્પનું જોડાણ થયા વગર ગટર ઉભરાતા આ સમસ્યા સર્જાઈ હોવાનું તેમણે જણાવ્યુ છે. આ ઉપરાંત તેમણે ધોળાકુવાના દંતાણીવાસમાં મહોલ્લા સુધી પાણીની મુખ્ય લાઈન ના હોવાથી વસાહતીઓએ પોતાની રીતે ખર્ચ કરીને પાઈપલાઈન નાંખીને ઘર સુધી પાણી લાવવા પ્રયાસ કરેલો છે જેમાં



પાઈપલાઈનની ગુણવત્તા ઉતરતી કક્ષાની હોવાથી સમયાંતરે ખરાબ થઈ જતા ગટરનું દૂષિત પાણી તેમાં ભળી રહ્યું છે. આથી ભરત દિક્ષિતે દંતાણીવાસના મહોલ્લા સુધી પીવાના પાણીની મુખ્ય લાઈન પહોંચાડવી જરૂરી હોવાનું જણાવ્યું છે.

હાલ તુરંત તો તંત્ર દ્વારા ગટરના મેન હોલની સફાઈની કામગીરી પુરજોશમાં ચાલુ હોવા સાથે નજીકના સમયમાં સમ્પ સાથે ભૂગર્ભ ગટરનું જોડાણ પણ કરી દેવાશે તેમજ આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોને સ્થળ પર દવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

- રથયાત્રાના દિવસે ગાંધીનગર આવી રહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના કાર્યક્રમને લઈ પોલીસે રિહર્સલ કર્યુ હતુ.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલને એમ. સી. આઈ.ની ગાઈડલાઈન મુજબ વધુ એક રેડિયોલોજી વિભાગને સીટી સ્કેનનું વધુ એક મશીન મળે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં આજથી કોરોના વેક્સિનેશનના અભિયાનનો પ્રારંભ થયો છે.
- ગાંધીનગર શહેરમાં રજાનો માહોલ અને અસહ્ય ગરમીના પ્રકોપને પગલે લોકોએ ઘરમાં રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ.
- આજે બીજા શનિવારની રજા હોવા છતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના સૂચિત પ્રવાસ કાર્યક્રમને લઈ કચેરીઓ લગભગ ચાલુ રહી હતી.
- ગાંધીનગર જિલ્લામાં વન નેશન વન કાર્ડ યોજનાનો સરળતાથી અમલ થઈ રહ્યાનો દાવો જિલ્લા પુરવઠા અધિકારીએ કર્યો છે.
- શહેર ભાજપના મહિલા મોરચાની રચના કરી દેવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં વિકસાવેલ સંત સરોવરમાં યાયાવર પક્ષીઓ મોટી સંખ્યામાં જોવા મળતાં પ્રકૃતિપ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળે છે.

# ચાંદખેડામાંથી સોનાની ચેઈન ઝુંટવી જનાર સેક્ટર-૨૪માંથી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં પખવાડીયા પહેલા ઉભા રહેલા એક વ્યકિતના ગળામાંથી સોનાની ચેઈનની તફડંચી







કરનાર શખ્સને સેકટર-૨૪ માંથી એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે આરોપીની પાસેથી સોનાની ચેઈન (પેન્ડન્ટ સાથે) કિ.રૂ.૪૭,૪૩૩ ની રીકવર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહ પૃથ્વીસિંહને બાતમી મળી હતી કે અગાઉ રીક્ષા ચોરીના ગુનામાં ઝડપાયેલ પ્રિયકાંત દેવેન્દ્રભાઈ શ્રીમાળી (રહે.લોદ્રા)સેકટર-૨૪ શાકમાર્કેટ પાસે સોનાના દાગીના વેચવા માટે ફરે છે. અને હાલ તે સેકટર-૨૪ આર્ય સમાજ હોલની પાસે ઉભો છે. જેથી એલસીબીની ટીમે તાત્કાલીક સ્થળ પર પહોંચીને પ્રિયકાંત ઉર્ફે લાલો દેવેન્દ્રભાઈ શ્રીમાળી (રહે પરમારવાસ જય ભીમરાવનગર, રામાપીર મંદિરની સામે ગામ લોદ્રા તા.માણસા.જી.ગાંધીનગર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતા પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની નાની થેલીમાંથી સોનાની ચેઈન કિં.રૂ.૪૫,૩૯૬ તેમજ એક સોનાનું પેન્ડન્ટ કિં.રૂ.૨૦૩૭ મળી કુલ રૂ.૪૭,૪૩૩ મળી આવી હતી.

સોનાની ચેઈને અંગે પોલીસે આરોપીની પુછતાછ કરતા તેણે પંદર દિવસ પહેલા ફરતો ફરતો ચાંદખેડા ગયો હતો. સાંજના ચાર વાગ્યાના અરસામાં એક સોસાયટીની બહાર બાંકડા ઉપર એક કાકા બેઠેલા હતા. જેમણે ગળામાં સોનાની ચેઈન અને પેન્ડલ પહેર્યું હતું. કાકાની આસપાસ કોઈ ન હતુ તેમજ પોતાને પૈસાની જરુર હોવાથી કાકા ના ગળામાં હાથ નાંખીને સોનાની ચેઈન ખેચીને નજીકની સોસાયટી થઈ નાસી ગયો હતો. ત્યારબાદ આ સોનાની ચેઈન સેકટર-૨૪ ખાતે વેચવા માટે ફરતો હતો. તે સમયે એલસીબીના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે આરોપી અગાઉ પણ ગાંધીનગરમાં ચોરી તેમજ રીક્ષાચોરીના કેસમાં પકડાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# ભાજપના સાંસ્કૃતિક સેલમાં જનક ઠક્કર અને બિહારીભાઈ ગઢવીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ સંગઠનને વધુ મજબૂત કરવાના હેતુથી વિવિધ સેલની રચના કરવામાં આવી છે. જેમાં ''સાંસ્કૃતિ સેલ''માં ગુજરાત પ્રદેશ સંયોજક તરીકે શહેરના યુવા અભિનેતા જનક ઠક્કરની નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે અન્ય એક કલાકાર બિહારીભાઈ ગઢવીની પણ તેમની સાથે નિમણૂંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જનક ઠક્કર અગાઉ સ્વચ્છ ભારત અભિયાનમાં ડીસા નગરપાલિકાના બ્રાન્ડ એમ્બેસેડર રહી ચુક્યાં છે.

# શહેરમાં દિકરાએ માતાને માર મારતા ફરીયાદ

સેકટર-૨૧ ખાતે આવેલી દુકાનનું પાંચ માસ થઈ ગયા હોવા છતા ભાડુ ન આવતા ભાડુ લેવા માટે દુકાને ગયેલા મહિલાને દિકરાએ અપશબ્દો બોલી મારામારી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે મહિલાએ ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટરમાં રહેતા મહિલાના પતિ વર્ષ ૨૦૦૮ માં મૃત્યું પામ્યા હતા. પરિવારમાં દિકરીને પરણાવી દેતા સાસરે સુખી છે, જયારે માતા સાથે દિકરો શહેરમાં સ્થિત ઘરે પોતાના પરિવાર સાથે રહે છે. ત્યારે માતા અને દિકરાની સંયુકત માલિકીની સેકટર-૨૧ ખાતે દુકાન આવેલી છે. જે ભાડા પેટે આપેલી છે અને જે ભાડુ આવે તે બંન્ને અડધુ અડધુ લઈ લેતા હતા.પરંતુ છેલ્લા પાંચ માસથી દુકાનનું ભાડુ આવ્યું ન હતુ. તે સમયે મહિલા ભાડુ લેવા માટે સેકટર-૨૬ ખાતે ભાડુઆતની ઓફિસ ખાતે ગયા હતા. જેથી ભાડુઆતે મહિલાને તેમના દિકરા સાથે થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મહિલા ઘર પાસે રાત્રીના સમયે બાંકડા પર બેઠા હતા.તે સમયે આવી ગયેલા દિકરાએ ગાડીમાંથી ઉતરીને માતા સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરીને મહિલાને તુ ભાડુ લેવા માટે ભાડુઆતની ઓફિસ કેમ ગઈ હતી. જેથી મહિલાએ જણાવ્યું હતું કે પાંચ માસથી ભાડુ આવ્યું નથી અને ડાયાબિટીસની દવાઓ લેવા માટે પૈસાની જરુર હોવાથી ભાડુઆતની ઓફિસ ખાતે દુકાનનું ભાડુ લેવા માટે ગઈ હતી. આ પ્રકારની વાત કરતા જ દિકરો એક દમ ઉશ્કેરાઈ ગયો હતો અને માતા સાથે છુટ્ટા હાથની મારામારી કરવા લાગ્યો હતો. દિકરાએ માતાનુ ગળુ પકડી લેતા અન્ય હાજર દિકરાના મિત્રએ વચ્ચે પડીને વધુ મારમાંથી મહિલાને છોડાવ્યા હતા.

# સેકટર-૭ સી બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો :૧.૮૫ લાખ મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં રાત્રી કર્ફયુ અને પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો બિન્દાસ્ત રીતે ચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે. શહેરમાં ઘરફોડ ચોરી કરતી શખ્સો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૭ સી ખાતે વધુ એક બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે.ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી બેડરૂમના કબાટનું પણ લોક તોડી સામાન વેર વિખેર કરી સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૮૫ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તસ્કરોને પકડવા માટે કમરકસી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ સી પ્લોટ નં. ૧૦૦૮-૧ ખાતે કોડીનારના વતની વિરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ચાવડા પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ ખાનગી કંપનીમાં ડીઝાઈનર તરીકે ફરજ બજાવે છે. રાજકોટ ખાતે રહેતા બહેનની ડીલીવરી થવાની હોવાથી તેઓ ગત તા.૨૮ જુનના રોજ રાજકોટ ગયા હતા. ગતરોજ મકાનના મુળ માલિકે વિદેશથી ફોન કરીને વિરેન્દ્રસિંહને કોલ કરીને ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું જણાવ્યું હતું. જેથી વિરેન્દ્રસિંહે તુરંત પોતાના મિત્ર સંજયસિંહને કોલ કરીને ઘર ખાતે તપાસ કરવા માટે મોકલ્યા હતા. સંજયસિંહે તપાસ કરીતો ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો અને બેડરૂમમાં રહેલો સામાન વેરણ છેરણ પડ્યો હતો.

લાકડાના કબાટમાં રહેલ ડ્રોવર પણ ખુલ્લુ હોવાથી ચોરી થયાની જાણ કરતા વિરેન્દ્રસિંહ રાજકોટથી તાત્કાલીક ગાંધીનગર આવ્યા હતા. તેઓએ ઘરમાં રહેલા સામાન તેમજ ચીજવસ્તુઓ ચેક કર્યા બાદ તપાસ કરતા જાણ થઈ કે ડ્રોવરમાંથી સોનાનું કડુ, સોનાની લગડી, સોનાનો દોરો, પેન્ડલ,સોનાની બુટ્ટી, ચાંદીના છડા, તેમજ ચાંદીનો તુલસી કયારો મળીને કુલ રૂ.૧.૮૫ લાખ મત્તાની ચોરી થવા પામી છે. સેકટર-૭ સી જેવા ભરચક વિસ્તારમાં ચોરી થતા વસાહતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જયારે બનાવ અંગે પોલીસને જાણ થતા તાત્કાલીક પહોંચીને આગળની તપાસ હાથ ધરી હતી.



ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ પેથાપુર પાસેના ફતેપુર ગામે ઘણા દિવસથી ગટરો ઉભરાવવાની સમસ્યા નાગરિકોને સતાવી રહી હતી. આ બાબતે આપ પાર્ટીના સ્થાનિક ઉમેદવારો દ્વારા ગટર સફાઈ કરાવ્યા બાદ જીવજંતુઓનો ઉપદ્રવને ડામવા માટે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.


સમૃદ્ધ, સ્વસ્થ, તંદુરસ્ત અને સગવડયુક્ત રાષ્ટ્રના નિર્માણ માટે પરિવાર નિયોજન જરૂરી





સમગ્ર દેશમાં વિકાસકૂચમાં અગ્રેસર એવા ગુજરાત રાજ્યના પ્રત્યેક વ્યક્તિ સુધી બધી જ કલ્યાણકારી યોજનાનો લાભ પહોંચે તે હેતુથી આવો, 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે વસ્તી વધારો અટકાવવાનો સંકલ્પ કરીએ

કુટુંબ નિયોજનનું મહત્ત્વ

સ્ત્રી સ્વાસ્થ્ય:
- માતા મૃત્યુદર ઘટાડવો
- અનિચ્છનીય ગર્ભધારણ અટકાવવું
- બે બાળકો વચ્ચે અંતર રાખી બાળકોની સંખ્યા સીમિત રાખવી

ગર્ભ સ્વાસ્થ્ય:
- જન્મજાત વિકૃતિઓ અટકાવવી
- ગર્ભમાં સ્વસ્થ અને નિરોગી બાળનો ઉછેર થવો

બાળ સ્વાસ્થ્ય:
- બાળ મૃત્યુદર ઘટાડવો
- બાળકની વૃદ્ધિ, વિકાસ અને પોષણ વધારવું
- બાળ ચેપી રોગો ઘટાડવા
- બુદ્ધિમત્તાનો વિકાસ કરવો

રાષ્ટ્રીય કુટુંબ નિયોજન કાર્યક્રમ અંતર્ગતની સેવાઓનો લાભ લઈ પરિવારને સ્વસ્થ, શિક્ષિત અને સુખી બનાવવામાં ભાગીદાર થઈએ

પુરુષો માટે
- નિરોધ • ચીરા કે ટાંકા વગરની નસબંધી (N.S.V) (કાયમી પદ્ધતિ)

સ્ત્રીઓ માટે
- કોપર-ટી
- છાયા ગર્ભનિરોધક ગોળી-પ્રથમ ૩ માસ માટે અઠવાડિયામાં બે વાર અને ૩ માસ પછી અઠવાડિયામાં એક વાર લેવી
- અંતરા ઈન્જેક્શન-પરિવાર નિયોજન માટે દર ૩ માસે એક વખત લેવું
- માલા એન ગર્ભનિરોધક ગોળીઓ
- સ્ત્રી વ્યંધિકરણ (કાયમી પદ્ધતિ)

સુખનો મંત્ર રાખજો યાદ
બીજું બાળક ૩ વર્ષ બાદ
કુટુંબ નાનું હશે તો થશો આબાદ

બાળકને વધુ સારી રીતે શિક્ષણ આપી શકાય તેમજ બાળકને સ્વસ્થ અને તંદુરસ્ત રાખી શકાય તે માટે નાનું કુટુંબ રાખવા સર્વે માતા-પિતાને અપીલ છે

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત